અપીલ અરજી નં.૧૮૬ તા.૮–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા
સામાવાળાઃ–(૧) આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે.કમિ.(હે. અને હો.) અને
જાહેર માહિતી અધિકારી (આઈસીડીએસ)
(૨) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા.૩–૭–૧૦ ની અરજીથી મફતનગર–૧,૨ દલિત વસાહત રાજમહેલ ટોકીઝ, ટાંકલી ફળિયા, ઉદ્દેશ ભૈયાની વાડી, આંબાવાડી નવી વસાહત, ગણેશનગર, શિવાજીનગર, સદર વિસ્તારોમાંથી પાંચ વર્ષ અથવા પાંચ વર્ષ ઉપરના બાળકો શાળામાં દાખલ કરવામાં આવ્યા છે તે બાળકોના નામ સરનામાની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૮૬/૨૦૧૦–૧૧

શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયાની તા.૩–૭–૧૦ નીઅરજીથી મફતનગર–૧,૨ દલિત વસાહત રાજમહેલ ટોકીઝ, ટાંકલી ફળિયા, ઉદ્દેશ ભૈયાની વાડી, આંબાવાડી નવી વસાહત, ગણેશનગર, શિવાજીનગર, સદર વિસ્તારોમાંથી પાંચ વર્ષ અથવા પાંચ વર્ષ ઉપરના બાળકો શાળામાં દાખલ કરવામાં આવ્યા છે તે બાળકોના નામ સરનામાની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૧ તા.૧૭–૯–૧૦ થી આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે.કમિ.(હે. અને હો.) અને જાહેર માહિતી અધિકારી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ) તથા અરજદારને અપીલ અરજી લગભગ દિન–૫ ના વિલંબથી કરેલ જે અંગે વાજબીપણું જણાવવા તેમજ અપીલમાં પક્ષકાર જાહેર માહિતી અધિકારી એ.ઓ. સ્કુલબોર્ડ દર્શાવેલ છે જયારે અરજીમાં સંકલિત બાળ વિકાસ અધિકારી જણાવેલ છે. તે અંગે પક્ષકાર સ્પષ્ટ કરવા તથા તબદીલી અંગેની જણાવેલ માહિતી તેઓ કક્ષાએ હોય તો વિગત જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને બંને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અત્રે મળેલી વિગતોમાં મુળ અરજી મ. જાહેર માહિતી અધિકારી યુસીડીનેપત્ર નં.આરટીઆઈ સેલ/આ.નં.૨૩૦ થી ૨૩૧ તા.૫–૭–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ તથા ઈ.ચા. ચીફ પ્રો. ઓફિસર (યુસીડી) તરફથી સીડીપીઓશ્રી (આઈસીડીએસ વિભાગ ઘટક–૪, દિલ્લીગેટ) સુરતને પત્ર નં.યુસીડી/આરટીઆઈ સેલ/આ.નં.૫૬૭ તા.૯–૭–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ અત્રે જાણ અર્થે મળેલ છે જયારે અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સંકલિત બાલ વિકાસ અધિકારી આઈસીડીએસ દીલ્હીગેટ પોલીસ સ્ટેશન સામે સુરતને સંબોધતી અરજી પૂર્વઝોન વરાછા ખાતે આપવામાં આવેલ. સદર અરજી પૂર્વઝોન વરાછા ખાતેથી પત્ર નં. ૨૩૦ થી ૨૩૧ તા.૫–૭–૧૦થી ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી (યુસીડી)ને તબદીલ કરવામાં આવેલ. ત્યાંથી સદર અરજી ઈ.ચા. ચીફ પ્રો.ઓફિસર યુસીડી તરફથી પત્ર નં.યુસીડી/આરટીઆઈ સેલ/આ.નં.૫૬૭ તા.૯–૭–૧૦ થી સીડીપીઓશ્રી આઈ સીડીએસ ઘટક–૪, દિલ્લીગેટ, સુરતને તબદીલ કરવામાં આવેલ છે. જો આ અરજી સીધી જાહેર માહિતી અધિકારી આરોગ્યને અથવા આઈસીડીએસ વિભાગને તબદીલ કરવામાં આવેલ હોત તો પુનઃ પુનરાવર્તિત તબદીલી અંગેનો વિલંબ નિવારી શકાય હોત. અરજીની વિગતો જોતાં અરજદારે ૫ વર્ષ અથવા ૫ વર્ષના ઉપરના બાળકો શાળામાં દાખલ કરવામાં આવ્યા છે તે બાળકોના નામ તથા તેમના સરનામાની માહિતીની માંગણી કરેલ છે તે જોતાં સદર અરજી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને સ્પર્શતી હોય તેના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેમ છતાં તે અંગે અરજદાર કે જાહેર માહિતી અધિકારી આઈ સીડીએસ તરફથી તબદીલી અંગેની કોઈ વિગતો અત્રે મળેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રત્યુત્તર થયેલ હોઈ તેવી વિગતો પણ અત્રે મળેલ નથી. અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે અત્રેથી આરટીઆઈ સેલ/૭૧૧ તા.૧૭–૯–૧૦ થી પત્ર પાઠવવા છતાં પણ તે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી તેમજ તે અંગેના પક્ષકારની વિગતો તેમજ અપીલ અરજીમાં થયેલા વિલંબ અંગે પણ કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તરદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ધ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીના વિવેક બુધ્ધિને આધિન રહે છે. આ કાયદાકીય જોગવાઈના સંદર્ભે જ અરજદાર પાસેથી જ વિગતો માંગેલ છે. તેમ છતાં અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે તેવી કોઈ વિગતો અત્રે મળેલ નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ મુજબ વિલંબિત અપીલ અરજી વાજબીપણાની અનુપસ્થિતિમાં પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી.

તેમ છતાં કાયદાનું હાર્દ અને ભાવના ને ધ્યાને રાખી અરજદારની અપીલ ગ્રાહય રાખવામાં આવે છે. વધુમાં અરજદારે મુળ અરજીમાં સદર વિગતો આઈસીડીએસ સ્પર્શતી હોવાનું જણાવેલ છે અને અપીલ અરજીમાં ન.પ્રા.શિ.સ. ને પક્ષકાર દર્શાવેલ છે તે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૧ તા.૧૭–૯–૧૦ થી પત્ર પાઠવવા છતાં અરજદારે તે બાબતે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. અરજીની તબદીલી જોતાં તેમજ અરજદારની મુળ અરજી ધ્યાને લેતાં સદર વિગત આઈસીડીએસના જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. અરજી તબદીલ કરેલ નથી કે માહિતીના ઈન્કાર માટે કલમ–૮, કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી. માહિતીનું વિષય વસ્તુ જોતાં પાંચ વર્ષ અને તેથી ઉપરના બાળકોની માહિતી શાસનાધિકારીના કાર્યક્ષેત્રમાં હોવાનું પ્રથમ દર્શીરીતે જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૭–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી પેકી બાળકોના નામની માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા જયારે બાળકોના સરનામા અંગે આરટીઆઈ એકટની કલમ–૧૧ હેઠળ જરૂર જણાયે યોગ્ય કાર્યવાહી હાથ ધરી ઉચિત નિર્ણય અગર માહિતી અરજદારને દિન–૧૫ માં પૂરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી (આઈસીડીએસ) .....જાણ તથા અમલ માટે તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને તબદીલી અંગે જરૂરી તકેદારી માટે.
(૨) શ્રી ભરતભાઈ બાબુભાઈ કંથારીયા